**IMPORTANT NOTICE – TERMS & CONDITIONS OF SALE AND USE:** By opening and using these seeds, you agree to the following terms. If you do not accept, return the unopened package with proof of purchase for a full refund. This product is licensed for planting only in approved regions. The resulting crop may only be used for food, feed, or processing. **RISK OF NON-PERFORMANCE:** Seed performance may be affected by factors beyond Arino Seeds Private Limited (ARINO) control (e.g., weather, pests, diseases, soil, planting practices). The buyer assumes all such risks. **LIMITATION OF WARRANTIES & LIABILITY:** ARINO warrants only that the seed matches the label description within legal tolerances. No other warranties (express or implied) are given. ARINO is not liable for incidental or consequential damages. Remedies are limited to seed replacement or refund, at ARINO's discretion. Claims must be reported within 30 days of discovery or before harvest, whichever is earlier, and submitted directly to ARINO. Terms may only be changed in writing by ARINO's authorized representative.

**PRODUCED BY: ARINO SEEDS PVT. LTD.,**
SURVEY NO-456/3,OPP.KISHAN CATTELFEED,GUNDALA ROAD GONDAL 360311,Gujarat. GST NO .24AAHCA4166H2ZR Phone: +91- 88588 81981.Website:https://www.arinoseeds com/home

# રાઈ / રાયડો ની વૈજ્ઞાનિક ખેતી પદ્ધતિની માર્ગદર્શિકા

### (૧) વાવણી સમય, બિયારણનો દર અને વાવણીનું અંતર :

| અ.નં. | વાવણી સમય | જાત | બિયારણનો દર | વાવણીનું અંતર |
|---|---|---|---|---|
| | સમયસર ની વાવણી | | | |
| ૧ | ૧. (૧ થી ૧૦ ઓકટોબર) | અરીનો રાય-૧૧૧ | ૩૦૦-૫૦૦ ગ્રામ પ્રતિ વીઘા. | ૧) બે હાર વચ્ચે ૧૨ ઇંચ અથવા ૧૮ ઇંચ ના અંતરે અથવા હાથેથી છાંટીને. |

**નોંધ : રાઈ / રાયડા ના સારા ઉગાવા માટે મહતમ તાપમાન ૩૩ સે.ગ્રે. થી વધુ ન હોય ત્યારે જ વાવેતર કરવું. પાકવાના દિવસો ૧૦૦ થી ૧૦૮.**

### (૨) બીજની માવજત :

| અ.નં. | બીજની માવજત | જથ્થો | આપવાનો સમય |
|---|---|---|---|
| | રાસાયણિક / જૈવિક નિયંત્રણ | | |
| ૧ | થાયરમ ૩ ગ્રામ પ્રતિ કિલો | ૧ કિલો | ૩ ગ્રામ/કિલો મુજબ પટ આપી બિયારણ ને આખી રાત સૂકવી ઉપયોગ કરવો. |
| | **નોંધ-વાવણી પહેલા બીજને ૮ થી ૧૦ કલાક પાણીમાં પલાળી કોરું કરી વાવેતર કરવાથી સારો અને જડપી ઉગાવો થાય છે.** | | |

### (૩) સેન્દ્રિય / રાસાયણિક ખાતર નો જથ્થો અને આપવાનો સમય :

| અ.નં. | સેન્દ્રિય / રાસાયણિક ખાતર | જથ્થો (કિ.ગ્રા./વીઘા.) | આપવાનો સમય |
|---|---|---|---|
| ૧ | છાણિયું ખાતર | ૧૦ ટન/હે | પ્રથમ ખેડ વખતે |
| ૨ | ડીએપી (ના:ફો:પો) | ૧૮ કિલો | (ના:ફો:પો) (૧૮:૪૬:૦૦) પાયામાં આપવું. |
| ૩ | યૂરીયા (ના:ફો:પો) | ૫ કિલો | (ના:ફો:પો) (૪૬:૦૦:૦૦) પાયામાં આપવું. |
| ૪ | પોટાશ (એમ.ઓ.પી.) | ૫ કિલો | મ્યૂરેટ ઓફ પોટાશ ૬૦% પાયામાં આપવું. |
| ૫ | સલ્ફર ફાડા | ૪ કિલો | સલ્ફર ફાડા ૯૦% પાયામાં આપવું. |
| ૬ | જીંક સલ્ફેટ | ૨ કિલો | જીંક ૨૧% + સલ્ફર ૧૦% જીંકની ઉણપવાળી જમીન માં દર વર્ષે પાયામાં આપવું. |
| ૭ | ફેરસ સલ્ફેટ | ૮ કિલો | ૧૯% ફેરસની ઉણપવાળી જમીન માં દર વર્ષે પાયામાં આપવું. |
| **નોંધ – ઉપરોક્ત ખાતર મીક્ષ કરીને પાયામાં વાવવું. પૂર્તિ ખાતર વાવણી પછી ૩૫-૪૦ દિવસે ૨૫ કિલો યુરિયા નાઈટ્રોજન પ્રતિ વીઘા ફૂલની દાંડી નીકળવાની અવસ્થાએ જમીનમાં પૂરતો ભેજ હોય ત્યારે આપવું.** | | | |

**(૪) નીંદામણ :**

| અ.નં. | નીંદણનાશક દવાનું નામ | જથ્થો (કિ.ગ્રા./હે.) | આપવાનો સમય |
|---|---|---|---|
| **૧** | પેન્ડીમિથાલીન | ૦.૩૭૫ કિગ્રા સક્રિય તત્વ/હેક્ટર | (૨૨ મિલી ૧૦ લિટર પાણીમાં ઓગળીને) પોસ્ટ ઈમરજન્સ (પૂરતા ભેજ માં વાવણી પહેલા અને રાઇ ઊગે તે પહેલા છાંટવી) |

**નોંધ: વાવણી ના ૨૫ દિવસ પછી હાથથી અથવા આંતરખેડ કરીને નીંદામણ દૂર કરવું.વધુ પડતી વાનસ્પતિક વૃદ્ધિ કે વિકાસમાં નબળા દેખાય તેવા વિજાતીય કે શંકાશીલ લાગતા તમામ છોડ ઉપાડી ખેતર માંથી દૂર કરવા.**

**(૫) પિયત :**

**કટોકટીની અવસ્થાઓ :**

| | | |
|---|---|---|
| **૧** | પ્રથમ (ફૂલ દાંડી અવસ્થા) | ૩૫ દિવસે |
| **૨** | બીજુ (ફૂલ અવસ્થા) | (૫૦-૫૫ દિવસે) |
| **૩** | ત્રીજુ (સીંગ + દાણા અવસ્થા) | (૭૦-૭૫ દિવસે) |

**નોંધ- રાઈ ના પાકને ફુવારા પધ્ધતિથી પિયત આપવાથી પિયત પાણીનો બચાવ થાય છે. અને હેકટરે ચોખ્ખી આવક વધુ મળે છે.**

**(૬) પાક સંરક્ષણ :**

| રોગ/જીવાત નું નામ | નિયંત્રણ ના પગલાં |
|---|---|
| **રોગ / જીવાત** | |
| ૧-સફેદ ગેરુ | વાવણી બાદ ૩૫-૪૦ દિવસે મેન્કોજેબ ૦.૨ ટકા પ્રમાણે ૨૫ ગ્રામ ૧૦ લિટર પાણી માં ઓગળી છંટકાવ કરવો. રોગ ની તીવ્રતા વધારે જણાય તો બીજો છંટકાવ ૧૫ દિવસ ના અંતરે કરવો. |
| ૨. ભૂકીછારો | અસરકારક નિયંત્રણ માટે દ્રાવ્ય ગંધક (૮૦ % વે.પા.) ૦.૨ ટકા પ્રમાણે ૨૫ ગ્રામ અથવા હેક્જાકોનાજોલ ૫ ટકા ઈસી ૧૦ મિલી દવા ૧૦ લિટર પાણીમાં ઓગળી છંટકાવ કરવો.જરૂર જણાય તો બીજો છંટકાવ ૧૫ દિવસ ના અંતરે કરવો. |

**(૭) કાપણી અને સંગ્રહ :**

રાઈ પાકની શીંગો પીળી પડે તેમજ મુખ્ય ડાળીની શીંગો સુકાય જાય અને નીચેના પાન ખરી પડે ત્યારે કાપણી કરવી. સામાન્ય રીતે ૧૦૫ થી ૧૨૦ દિવસે જાતની પસંદગી મુજબ પાકી જાય છે.પાકની કાપણી સવારના સમયે કરવી જેથી દાણા ખરવાનો ભય ઓછો રહે છે. કાપણી કરતી સમયે પાકની સાથે રોગિષ્ટ છોડ કે નીંદામણની કાપણી કરવી નહીં. કાપણી કરેલ છોડને સાફ કરેલ ખળામાં લાવી,સુર્યના તાપમાં ૧૦ થી ૧૫ દિવસ સુધી સુકાવ્યા બાદ થ્રેસરનો ઉપયોગ કરી દાણા છૂટ્ટા પાડવા.થ્રેસીંગ સમયે રાઈ ની અન્ય જાતનું મિશ્રણ ન થાય તેની ખાસ કાળજી રાખવી. બિયારણના જથ્થાને સાફસુફ કરીને ગ્રેડિંગ કરવું.બીજના જથ્થાને શણના નવા કોથળામાં ભરી જ્યાં જીવાતનો ઉપદ્રવ ન હોય તેવા ગોડાઉનમાં સંગ્રહ કરવો. સંગ્રહ વખતે બીજમાં ૯ ટકાથી વધુ ભેજ ન રહે તેની ખાસ કાળજી રાખવી.

ARINO SEEDS